**ઈન્કમ ટૅક્સ ઍક્ટ અને રુલ્સ અંતર્ગત રિપૉર્ટિંગ હેતુઓસર આધાર રજૂ કરવા માટેની સંમતિ**

પ્રતિ,
બ્રાન્ચ મૅનેજર,
એચડીએફસી બૅન્ક લિ., ______________________________ બ્રાન્ચ.
શ્રીમાન/શ્રીમતી,
વિષય: **ઈન્કમ ટૅક્સ ઍક્ટ અને રુલ્સ અંતર્ગત રિપૉર્ટિંગ હેતુઓસર આધાર રજૂ કરવા બાબતે**

(1) મને સૂચિત કરવામાં આવ્યું છે કે હું ભારત સરકાર તરફથી જારી કરવામાં આવ્યા મુજબ મારું પર્મનન્ટ અકાઉન્ટ નંબર (પેન) ઈન્કમ ટૅક્સ ઍક્ટ અને રુલ્સ અંતર્ગત રિપૉર્ટિંગ હેતુઓસર રજૂ કરી શકું છું. જો કે, મેં સ્વેચ્છાએ બૅન્કને મારો આધાર નંબર (પેનની બદલે), વર્ચ્યુઅલ આઈડી, ઈ-આધાર, એક્સએમએલ, માસ્ક્ડ આધાર, આધારની વિગતો, વસતિ વિષયક (ડેમોગ્રાફિક) માહિતી, ઓળખની માહિતી, આધાર નોંધણીકૃત મોબાઈલ નંબર, ફેસ ઓથેન્ટિકેશન વિગતો અને/અથવા બાયોમેટ્રિક માહિતી (સંયુક્તપણે, "**માહિતી**") આપવાનું પસંદ કર્યું છે.

(2) હું લાગુ કાયદા અનુસાર મારી ઓળખ કરવા, ઑફલાઈન વેરિફિકેશન અથવા ઈ-કેવાયસી અથવા હા/ના ઓથેન્ટિકેશન, ડેમોગ્રાફિક અથવા અન્ય ઓથેન્ટિકેશન/વેરિફિકેશન/આઈડેન્ટિફિકેશન માટે બૅન્ક (અને તેના સેવા પ્રદાતાઓ)ને અધિકૃત કરું છું અને મારી સંમતિ આપું છું.

(3) ઉપરોક્ત હેતુઓસર, હું સ્વેચ્છાએ અને મારી મુનસફીએ મારો આધાર નંબર (નીચે જણાવેલ) જે ભારત સરકારે જારી કરેલ છે તે એચડીએફસી બૅન્કને રજૂ કરું છું તથા ઈન્કમ ટૅક્સ ઍક્ટ અને રુલ્સ અંતર્ગત વર્તમાન અને ભાવિ બધાં જ રિપૉર્ટિંગ હેતુઓસર મારા આધાર નંબરનો ઉપયોગ કરવાની તેમ જ યુઆઈડીએઆઈ સાથે ઓથેન્ટિકેશન માટે મારા આધારની વિગતોનો ઉપયોગ કરવાની મારી સંમતિ સ્વેચ્છાએ આપું છું.

| Aadhaar Number | : | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|

**આધાર નંબર**

(4) મને સ્થાનિક ભાષામાં સંમતિ, આધાર મેળવવાના હેતુ તેમ જ યુઆઈડીએઆઈ (આધાર વિગતો) દ્વારા આથેન્ટિકેશન પર શૅર કરવામાં આવી શકતી માહિતીના સ્વરુપ વિશે સમજાવવામાં આવ્યું છે. મને સમજાવવામાં આવ્યું છે કે આ સાથે બૅન્કને રજૂ કરવામાં આવેલી મારી માહિતી ઉપર જણાવ્યા સિવાયના અથવા કાયદા દ્વારા આવશ્યક હોવા સિવાયના અન્ય કોઈ હેતુસર ઉપયોગ નહીં કરાય.

(5) એચડીએફસી બૅન્ક જણાવ્યું છે કે મારા બાયોમેટ્રિક્સ સંગ્રહ/વહેંચવામાં નહીં આવે અને; આધાર વિગતો સેન્ટ્રલ આઈડેન્ટિટીઝ ડેટા રિપૉઝિટરી (સીઆઈડીઆર) ને માત્ર ઉપરોક્ત હેતુઓ સર ઓથેન્ટિકેશન હેતુ માટે જ રજૂ કરવામાં આવશે. એચડીએફસી બૅન્કે મને જણાવ્યું છે કે આ સંમતિ અને મારો આધાર નંબર લાગુ કાયદાઓ અનુસાર મારા અકાઉન્ટની વિગતો સહિત બૅન્કમાં જ સંગ્રહ કરવામાં આવશે.

(6) હું આ દ્વારા એચડીએફસી બૅન્કને લાગુ કાયદાઓ હેઠળ આવશ્યક હોઈ શકે તેમ અથવા ઉપર જણાવેલા હેતુઓ સર અથવા એચડીએફસી બૅન્કની આંતરિક જરુરિયાતો અનુસાર માહિતી અને ઓથેન્ટિકેશન ડેટા અને રેકૉર્ડ્સ મેળવવા, જાહેર કરવા, વહેંચવા, સંગ્રહ કરવા, જાળવવા અને ઉપયોગ કરવા અધિકૃત કરું છું અને સંમતિ આપું છું.

(7) હું આ દ્વારા ઘોષિત કરું છું કે મારા દ્વારા સ્વેચ્છાએ રજૂ કરવામાં આવેલી બધી જ માહિતી સાચી, ખરી અને સંપૂર્ણ છે. જો આધાર યોગ્ય ન હોવાનું જણાય અથવા મારા દ્વારા કોઈ ખોટી માહિતી રજૂ કરવાના કિસ્સામાં હું એચડીએફસી બૅન્ક અથવા તેના કોઈપણ અધિકારીને જવાબદાર નહીં ઠેરવું.

આપનો વિશ્વાસુ,

ગ્રાહકનું નામ: ________________________________
કસ્ટમર આઈડી: ________________________________

______________________
(આધાર નંબર ધારક/માતા-પિતા અથવા વાલી જો આધાર નંબર ધારક સગીર હોય તો ની સહી અથવા અંગૂઠાની છાપ)

*Aadhaar I-T Reporting Consent Version_01082022*